સૌથી સુંદર માળો

લેખક અને ચિત્રકાર: પી. ડી. ઈસ્ટમેન

સૌથી સુંદર માળો

મિસ્ટર પક્ષી ખુશ હતો.
એ એટલો ખુશ હતો કે
એ ગાવા લાગ્યો.
આ હતું એનું ગાયન:



"મને મારું ઘર પસંદ છે.
મને મારો માળો પસંદ છે.
સમગ્ર વિશ્વમાં મારો માળો
સૌથી સુંદર છે!"

ત્યાં મિસિસ પક્ષી માળામાંથી
બહાર આવી.
"આપણો માળો સૌથી
સારો નથી!" એણે કહ્યું.



"હું હવે આ જૂના ઘરથી કંટાળી ગઈ
છું," મિસિસ પક્ષીએ કહ્યું. "મને એને
માટે અણગમો છે. હવે આપણે કોઈ
નવી જગ્યા શોધવી જોઈએ!"

એમણે એની જૂની
જગ્યા છોડી દીધી
અને નવી જગ્યા શોધવા નીકળ્યા.

"આ જગ્યા સારી દેખાય છે,"
મિસ્ટર પક્ષીએ કહ્યું.
"ચાલો અહીં માળો બનાવીએ."

પણ ત્યાં કોઈ પહેલાથી
રહેતું હતું.

એટલે એ બીજી જગ્યા શોધવા લાગ્યા.
"આ બૂટ સારો લાગે છે," મિસ્ટર પક્ષીએ કહ્યું.
"અને એમાં કોઈ રહેતું પણ નથી."

"તેં બરાબર જોયું નહીં," મિસિસ પક્ષીએ કહ્યું.
"એ બૂટ કોઈના પગનો છે!"

એટલે એમણે શોધ આગળ ચલાવી.
"મને આ જગ્યા સારી લાગે છે," મિસ્ટર પક્ષીએ કહ્યું.
"આ ટપાલપેટીની ઉપર એક સુંદર
લાલ ઝંડો પણ છે."

"મારી પણ હંમેશાથી ઈચ્છા હતી
એક ઝંડાવાળા ઘરમાં રહેવાની," મિસિસ પક્ષીએ કહ્યું.
"મને લાગે છે કે આ જગ્યા આપણા માટે યોગ્ય થશે."

પણ એ યોગ્ય ન હતી!
"મને લાગે છે કે મેં ભૂલ કરી,"
મિસ્ટર પક્ષીએ કહ્યું.

"તું બહુ ભૂલ કરે છે,"
મિસિસ પક્ષીએ કહ્યું.
"બીજી વાર હું ઘર પસંદ કરીશ."



"જો, અહીં બનશે આપણું નવું ઘર!"

બંને ઉડીને અંદર ગયા.
એણે આસપાસ જોયું.
"આ બહુ મોટું તો નથીને?"
મિસ્ટર પક્ષીએ પૂછ્યું.



"મને આવી મોટી જગ્યા જ પસંદ છે,"
મિસિસ પક્ષીએ કહ્યું. "આ નવી જગ્યામાં
જ આપણે આપણું નવું ઘર બનાવીશું."

બંને પતિ-પત્ની કામે લાગી ગયા.
માળો બનાવવા માટે એમને
ઘણી વસ્તુઓ ની જરૂર હતી.
પહેલા એ થોડું સૂકું ઘાસ લઈ આવ્યા.





પછી થોડી પ્લાસ્ટિકની સ્ટ્રો લાવ્યા.

અને સાવરણીની સળીઓ લાવ્યા.

સ્વેટરનું થોડું ઉન લાવ્યા.

મોજાના થોડા દોરા લાવ્યા...

...ગાદલાનું થોડું કપાસ લાવ્યા.



ઘોડાના પૂંછડાના વાળ લાવ્યા.

માણસની દાઢીના થોડા વાળ લાવ્યા.

અંતમાં એમની પાસે સૂકું ઘાસ, સ્ટ્રો,
સળીઓ, ઉન, દોરા, કપાસ, ઘોડાના
વાળ, માણસના વાળ ભેગા થઈ ગયા.
એ બધું માળો બાંધવા માટે લઈ
આવ્યા.



મિસ્ટર પક્ષી અને મિસિસ પક્ષીએ
બહુ મહેનત કરીને કામ કર્યું.
માળો બનાવવામાં સવાર વીતી ગઈ.

"આ માળો સૌથી સુંદર છે!" મિસિસ પક્ષીએ કહ્યું.
"હું અહીં હંમેશા રહેવા ચાહીશ."



મિસ્ટર પક્ષી પણ બહુ ખુશ હતો.
એ એના નવા ઘરની ઉપર ઉડયો.
એણે એનું ગાયન ફરી ગાયું:

"મને અમારું ઘર પસંદ છે.
મને મારો માળો પસંદ છે.
સમગ્ર દુનિયામાં મારો
માળો સૌથી સરસ છે!"

એ ગાવામાં એટલા મગ્ન હતા
કે એણે ચર્ચનો ઘંટ વગાડવાવાળા
મિસ્ટર પાર્કરને આવતા જોયો નહીં.

રોજ બપોરે બાર વાગે
મિસ્ટર પાર્કર ચર્ચ આવતા હતા.
ત્યાં આવીને મિસ્ટર પાર્કર
ચર્ચ ના ઘંટનું દોરડું ખેંચતા હતા.
એ દોરડું સીધું પક્ષીઓના
માળા સુધી જતું હતું.

એ દોરડાથી મોટો ઘંટ વાગ્યો.
ઘંટ, મિસિસ પક્ષીના માળાની
સાવ નીચે લટકતો હતો.



મિસિસ પક્ષી એનો માળો છોડીને
ત્યાંથી બહુ ઝડપથી ભાગી.

જ્યારે મિસ્ટર પક્ષી અંદર આવ્યો
તો એને બધું અસ્ત-વ્યસ્ત થયેલું દેખાયું.
ક્યાંક ઘાસ, તો ક્યાંક દોરા, ક્યાંક કપાસ તો
ક્યાંક વાળ બધી બાજુ વિખરાયેલા હતા.
પણ મિસિસ પક્ષી ક્યાં હતી?



"હું એને ત્યાં સુધી શોધીશ
જ્યાં સુધી મને એ મળશે નહીં," મિસ્ટર પક્ષીએ કહ્યું.
એણે અહીં-તહીં જોયું.
એણે મિસિસ પક્ષીને બધી જગ્યામાં શોધી.



મિસ્ટર પક્ષીએ ચીમની
(ધુમાડિયા) માં જોયું.
મિસિસ પક્ષી ત્યાં ન હતી.

મિસ્ટર પક્ષીએ પાણીના પીપમાં જોયું.
મિસિસ પક્ષી ત્યાં પણ ન હતી.



ત્યાં એણે એક જાડી બિલાડી જોઈ.
બિલાડીના ચહેરા પર એક કુટિલ સ્મિત હતું.
જાડી બિલાડીના મોઢાની આસપાસ થોડા
ભૂરા પીંછા પણ ફેલાયેલા પડયા હતા.



એ જોઈને મિસ્ટર પક્ષી રડવા લાગ્યો.
"અરે, વહાલી!" એ રડવા લાગ્યો.
"લાગે છે જાડી બિલાડી મિસિસ પક્ષીને ખાઈ ગઈ!"

ત્યાંથી મિસ્ટર પક્ષી ઉડયો.
"હવે હું મિસિસ પક્ષીને ક્યારેય
જોઈ શકીશ નહીં," એણે રડતા-રડતા કહ્યું.
અંધારું થવા લાગ્યું હતું.
સાથે વરસાદ પણ વરસી રહ્યો હતો.
વરસાદ જોરમાં વરસવા લાગ્યો.
મિસ્ટર પક્ષીને કંઈ દેખાતું ન હતું.

ધડામ!

ધડામ!

મિસ્ટર પક્ષી કોઈ વસ્તુ સાથે ટકરાયો.

મિસ્ટર પક્ષી એના જૂના ઘર સાથે ભટકાયો હતો.
આ એ જ ઘર હતું જે મિસિસ પક્ષીને ગમતું ન હતું.

"હું જૂના ઘરમાં જઈને વરસાદથી બચીશ.
ત્યાં હું વરસાદ રહી જાય ત્યાં સુધી આરામ
કરીશ."

મિસ્ટર પક્ષી અંદર ગયો.
ત્યાં અંદર એને કોણ મળ્યું?
મિસિસ પક્ષી!
એ અંદર બેસીને ગીત ગાઈ રહી હતી.

"મને મારુ ઘર પસંદ છે.
મને મારો માળો પસંદ છે.
સમગ્ર દુનિયામાં મારો
માળો સૌથી સુંદર છે!"

"અરે, તું અહીં!"
મિસ્ટર પક્ષીએ ખુશીથી ચીસ પાડી.
"મને લાગ્યું હતું કે તને આ
જૂન માળાથી અણગમો છે!"



મિસિસ પક્ષીએ સ્મિત કર્યું.

"મને હકીકતમાં આ માળાથી અણગમો હતો," એણે કહ્યું.

"પણ હવે હું માઁ બનવાની છું

એટલે મેં મારો અભિપ્રાય બદલ્યો છે!

કેમ! બરાબર છે ને...

...એક નવા નાના જીવ માટે

જૂનો માળોજ સૌથી શ્રેષ્ઠ થશે!"

અને જયારે ઈંડામાં થી બચ્ચું
નીકળ્યું તો એને પણ એ વાત
બરાબર લાગી!